આકાશવાણી, અમદાવાદ

01-09-2025 Midday: 2.30 to 2.35 pm

Wedenesday Regional News

## RAJNATH SINGH GUJ VISIT

દેશના સંરક્ષણમંત્રી રાજનાથસિંહ આજથી બે દિવસ કચ્છની મુલાકાતે આવી રહ્યા છે. આ મુલાકાત દરમિયાન શ્રી સિંહ ભુજમાં લશ્કરી મથક ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ અને લક્કીનાળાં ખાતે સુરક્ષા દળોની સંયુક્ત કવાયત, શસ્ત્ર પૂજા અને નવીન સુવિધાનાં લોકાર્પણમાં ઉપસ્થિત રહેશે.

સંરક્ષણ મંત્રી આજે સાંજે 7.30 કલાકે ભુજ લશ્કરી મથક ખાતે સાંસ્કુતિક કાર્યક્રમમાં હાજરી આપશે તેમજ જવાનો સાથે વાતચીત કરશે. બીજી ઓક્ટોબરે શ્રી સિંહ લક્કીનાળાં લશ્કરી મથક ખાતે મલ્ટિ એજન્સી સુરક્ષા કવાયત નિહાળશે સાથે જ શસ્ત્ર પૂજા કરશે. શ્રી સિંહના હસ્તે અહી વિવિધ નવીન સુવિધાનું લોકાર્પણ પણ કરાશે.

## HARSH SANGHVI SURAT

વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ સુરતમાં 40 નવી અત્યાધુનિક બસોનું લોકાર્પણ કર્યું. આ પ્રસંગે શ્રી સંઘવીએ જણાવ્યુ છેલ્લા બે વર્ષમાં, નાગરિકોની સુવિધા માટે 2 હજારથી વધુ નવી બસો ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

## SURENDRANAGAR ACCIDENT

સુરેન્દ્રનગર જિલ્લાના સરા-ધ્રાંગધ્રા માર્ગ પર કાર પલટી જતા ત્રણ મહિલા સહિત ચારનાં મોત થયા છે. મુળી તાલુકાના દાધોળિયા ગામથી એક મહિલાને સારવાર માટે દવાખાને લઈ જતી કારમાં નદીમાં ખાબકતા આ અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ લોકોના ઘટનાસ્થળે મોત થયા જ્યારે એક મહિલાનું સારવાર દરમિયાન મોત થયાના અહેવાલ છે. જ્યારે બે લોકોને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં છે.

## KHEL MAHAKUMBH

રાજ્યના રમતગમત મંત્રી હર્ષ સંઘવી આજે અમદાવાદના વીર સાવરકર રમતગમત સંકુલ ખાતેથી ખેલ મહાકુંભ 2025નો શુભારંભ કરાવશે. આ વખતે ખેલ મહાકુંભમાં વિક્રમજનક 72 લાખ 57 હજાર 887 લોકોએ નોંધણી કરાવી છે, જેમાં 43 લાખ 83 હજારથી વધુ પુરુષો અને 28 લાખ 74 હજાર મહિલાઓ સામેલ છે. ખેલ મહાકુંભમાં 6 નવેમ્બરથી 10 નવેમ્બર દરમિયાન તાલુકા કક્ષાની સ્પર્ધા, 11 નવેમ્બરથી 30 નવેમ્બર દરમિયાન જિલ્લા કક્ષાની સ્પર્ધા, એક ડિસેમ્બરથી 15 ડિસેમ્બર દરમિયાન ઝોન કક્ષાની સ્પર્ધા અને 16 ડિસેમ્બરથી 17 જાન્યુઆરી દરમિયાન રાજ્યકક્ષાની સ્પર્ધા યોજાશે.

## ARVALLI DARODA

અરવલ્લી જિલ્લાનાં મોડાસામાં આવકવેરા વિભાગ દ્વારા ગઈકાલથી દરોડા પાડ્યા છે. જેમાં 400થી વધુ કર્મચારીઓ જોડાયા છે. આવકવેરા વિભાગે ત્રણ બેંકમાં 10 લોકર સીઝ કર્યા છે. બિલ્ડર અને વેપારીઓની તપાસ બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે.

## GEER FOUNDATION

ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર ખાતે વિવિધ થીમ સાથે આવતીકાલથી 8 ઓક્ટોબર સુધી 'વન્યજીવ સપ્તાહ-૨૦૨૫' ઉજવાશે. તે અંતર્ગત સપ્તાહ દરમિયાન મુલાકાતીઓને ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન- અરણ્ય ઉદ્યાનમાં નિઃશૂલ્ક પ્રવેશ અપાશે. આ સપ્તાહનો મુખ્ય હેતુ વધુમાં વધુ નાગરિકોને વન્યજીવ સંરક્ષણ અને પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃત કરવાનો છે. સપ્તાહ દરમિયાન વન્યજીવો આધારિત માહિતી સહિત બાળકો માટે વન્યજીવ પ્રશ્નોત્તરીનું પણ આયોજન કરાયું છે. વધુમાં આવતીકાલે સ્વચ્છતા અભિયાન તથા સાંજે પ્લાસ્ટિક વેસ્ટ બોટલમાંથી પ્લાન્ટર્સ બનાવવાની પ્રવૃત્તિનું આયોજન કરાયું છે.

## Botad – bhukamp aanchka

બોટાદમાં ગઢડા તાલુકાનાં વિરડી , કાપરડી અને ખોપાળા ગામમા વહેલી સવારે 5 વાગ્યે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. બોટાદ ડિઝાસ્ટર દ્વ્રારા માહિતી અપાઈ હતી કે રાત્રિ થી સવાર સુધી ગ્રામ લોકોએ 3 વાર આંચકાનો અનુભવ કર્યો હતો

## Mahesana property card

મહેસાણામા કેન્દ્ર સરકારની સ્વામીત્વ યોજના હેઠળ સર્વે ઓફ઼ ઈન્ડિયા એજન્સી મારફ઼તે જિલ્લાના 368 ગામ ના લોકોના પ્રોપટીકાર્ડ તૈયાર કરાયા હતા. જેમાં 1 લાખ 6 હજાર મિલ્કતધારકોને પ્રોપર્ટીકાર્ડનું વિતરણ કરાયું હતું. જિલ્લાના 433 ગામનું ગ્રાઉન્ડ ટુથીગ તેમજ 420 ગામની ઓનલાઈન ડેટા એન્ટ્રી પુરી કરવામાં આવી છે.